જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩ /૧૦/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૪૩/૨૦૨૬**

ઈસનપુરઃ ધવલભાઈ બચુભાઈ શાહ (ઉ.વ.૫૦)(રહે. રાજેશ્વરી કોલોની સુનીલ સોસાયટી પાસે ચંડોળા કેનાલ પાસે ઈસનપુર) એ તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધવલભાઈ શાહ એ તા.૦૭/૧૦/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી બપોરના ૦૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રેપીડો એપ દ્વારા ટ્રીપ બુક કરાવી હતી. જે ટ્રીપમાં ઈલેકટ્રીક સામાન મંગાવેલ હતો પરંતુ સામાન નહી મળતા ધવલ શાહે રેપીડો કસ્ટમર કેરમાં ફરીયાદ કરવા ગૂગલમાંથી રેપીડો કસ્ટમર કેર નંબર 18004195496 મળતા જે નંબર ઉપર સંપર્ક કરતા અજાણી વ્યક્તિએ રેપીડો કસ્ટમર કેરમાં ફરીયાદ કરવા Customer Support.apk નામની ફાઈલ મોકલી ચાલુ ફોનમાં જ ધવલભાઈ શાહ પાસે ફાઈલ ઓપન કરાવી સ્ક્રીન શેરીંગ કરાવી ગુગલ પે એપમાં રૂપિયા એક પેમેન્ટ કરાવી ધવલભાઈ શાહનો મોબાઈલ ફોન હેક કરી બેંક ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૯૫,૦૦૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

વટવાઃ ખેતલ સ/ઓ જગદિશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૦) (રહે. તિર્થરાજ રો–હાઉસ વિશ્વકર્મા સોસાયટી શ્યામ સાનિધ્ય બાજુમાં વટવા) એ તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૬ થી તા.૦૨/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ખેતલ પ્રજાપતિના મોબાઈલમા ટ્રાફિક ઈ ચલણની લીંક મોકલતા જે લીંક ઓપન કરતા ખેતલ પ્રજાપતિનો મોબાઈલ ફોન હેક કરી તેનો એક્સેસ મેળવી ખેતલ પ્રજાપતિના બેંક ખાતામાંથી ઓનલાઈન માધ્યમથી રૂપિયા ૯૪,૯૯૯/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એ.વછેટા ચલાવે છે.

ક્રાઇમ બ્રાન્ચઃ કાસમઅલી સ/ઓ વલીભાઇ ખરોડીયા (રહે. મોહંમદીબાગ અલબુર્જ ટાવર પાસે જુહાપુરા રોડ મકરબા) એ તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોબર/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મહંમદભાઇ જલાલભાઇ ચુડીયા (૨) આબીદઅલી મહંમદભાઇ ચુડીયા (૩) અકબરઅલી મહંમદભાઇ ચુડીયા અને (૪) મંજુરઅલી મહંમદભાઇ ચુડીયા (તમામ રહે. મોહંમદીબાગ મકરબા રોડ સરખેજ) નાઓએ ભેગા મળી પોતાની Styrun Health Care ઠે. સર્વે નં-૮૯ ઓડ ગામ પીરાણા રોડ અમદાવાદ ફર્મના વેપારમાં ભાગીદારી કરવાનુ જણાવી દશ ટકા ભાગીદારી પેટે કાસમઅલી ખરોડીયાના પરીવાર પાસેથી રૂપિયા ૯૮,૦૦,૦૦૦/- મેળવી લઇ તેમજ કાસમઅલી ખરોડીયાના મિત્ર પાસેથી પણ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- મેળવી લઇ બાદમાં ફર્મ નુકસાનમાં હોવાનુ જણાવી વળતર નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૦૩ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર ચાદી નં.૧૪૪૪/૨૦૨૬**

નિકોલઃ (૧) હસમુખભાઈ મણીલાલ ઠક્કર (ઉ.વ.૬૨) (રહે. હેરીટેજ હાઈટ અમરજવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ૮૦ ફુટ રોડ જગદીશપાર્ક-૩ સામે આવેલ જલારામ ટ્રેડસ નામની પોતાની પાન-મસાલાની દુકાનમાંથી હસમુખભાઈ ઠક્કર નાઓની નજર ચુકવી એક પુરૂષ બેગ ચોરી કરી લઈ ગયો હતો. જે બેગમાં આશરે બે થી અઢી લાખ રૂપિયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

નિકોલઃ (૨) જશવંતસિંહ સ/ઓ શિવસિંહ રાજપુત (ઉ.વ.૩૫) (રહે. શ્યામ કુટીર ૧૦૮ નજીક નવા નરોડા) એ તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિકોલ કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ નંબર-૧૪ ખાતે આવેલ યેશ લેમ પ્રાઇવેટ લિમિટેડ કારખાનામાં કામ કરતા આરોપી (૧) ધર્મેન્દ્રસિંહ બદરસિંહ ચૌહાણ (રહે. ચામુંડા પાર્ક સોસાયટી વડવાળી ચાલી સિંગરવા) અને (૨) મહેશકુમાર દિલીપસિંહ સોલંકી (રહે. દરબારવાસ જાણુ ગામ તા-દશક્રોઇ જી-અમદાવાદ) એ ભેગામળી તા.૨૭/૦૯/૨૦૨૬ થી બે માસ અગાઉના સમયગાળા દરમ્યાન કારખાનામાં પડી રહેલ પ્લાસ્ટીકના રો-મટીરીયલના અલગ-અલગ સાઇઝ તથા વજનના રોલ નંગ-૩૫ કિમત રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૧૪૪૫/૨૦૨૬**

નારોલઃ અમરજીતપાલ અયોધ્યાપ્રસાદ પાલ (ઉ.વ.૨૮) (રહે. ન્યુ સુંદરનગર નારોલ કોર્ટ પાછળ નારોલ) નાઓને તા.૧૨/૧૦/૨૦૨૬ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બહાર પાર્ક કરેલ છોટા હાથી ટેમ્પામાં આઇસ્ક્રીમનુ ફ્રીજ ચાર્જીંગમાં મુકેલ હતુ. કોઇ કારણસર તેમાંથી વીજ કરંટ છોટા હાથી ટેમ્પામાં પણ આવી જતા અમરજીતપાલ નાઓ ટેમ્પાને અડતા તેમને વિજ કરંટ લાગતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાદુલભાઈ ગણપતભાઈ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૧૪૪૬/૨૦૨૬**

સરખેજઃ તા.૧૨/૧૦/૨૦૨૬ કલાક ૧૦/૨૦ વાગ્યાના સુમારે મકરબા નવા અંડરબ્રિજ નજીક રેલવે ઈલે.પો.નંબર ૨૧/૧૩ ખાતે જીતેન્દ્ર લક્ષ્મણ પારગી (ઉ.વ.૨૬) (રહે. મુ.પો- રાયકીરેકી રાયકી ડુંગરપુર રાજસ્થાન) નાઓ ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૪૭/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ જીગર સ/ઓ વિનોદભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે. જય પ્રભુ બંગલોઝ મહાશક્તિ ફ્લેટ નજીક ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૬ સવારના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

વાડજઃ પવન નટવરભાઈ ગાભાભાઈ સોલંકી (ઉ.વ.૬૦) (રહે. હેત એપાર્ટમેન્ટ ગૌતમનગર સામે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૬ સાંજના ૦૭/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશભાઈ શિવાભાઈ ચલાવે છે.

રામોલઃ ચાંદનીબહેન ડો/ઓ રાજેશકુમર વાઘેલા (ઉ.વ.૨૧) (રહે. ન્યુ રીટાનગર સોસાયટી કેનાલ પાસે પ્રકાશ ટેનામેન્ટ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૬ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી